ચુકવણી ન કરનાર 72 ગ્રાહકોના કનેક્શન કપાયા, 25 ઘર-દુકાનોના મીટર ઉતારાયા

કાલોલમાં MGVCLની સર્જિકલ સ્ટ્રાઈક, એક જ દિવસમાં 19.41 લાખની વસૂલાત

મેગા ડિસકનેક્શન ડ્રાઈવના પ્રથમ દિવસે 524 ગ્રાહકોએ ભર્યા બાકી વીજ બિલ

(પ્રતિનિધિ) કાલોલ, તા.14 મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ (MGVCL) દ્વારા બાકી વીજ બિલની વસૂલાત માટે આક્રમક અભિગમ અપનાવવામાં આવ્યો છે. કાલોલ નગરમાં તા.13 માર્ચથી શરૂ કરાયેલી 'મેગા ડિસકનેક્શન ડ્રાઈવ'**ના પ્રથમ જ દિવસે તંત્રને મોટી સફળતા મળી છે. વીજ કંપનીએ કડક કાર્યવાહી કરતા એક જ દિવસમાં કુલ 19.41 લાખની વસૂલાત કરી છે. ઝુંબેશ શરૂ કરતા પહેલા MGVCL દ્વારા શહેરમાં રિક્ષા ફેરવી, માઈક દ્વારા જાહેરાત કરી અને ચોપાનિયાં વહેંચીને ગ્રાહકોને બાકી બિલ સમયસર ભરવા માટે અગાઉથી સૂચના આપવામાં આવી હતી. માહિતી મુજબ કુલ 664 ગ્રાહકો પાસેથી 26.54 લાખ જેટલી રકમ વસૂલ કરવાની હતી. જેમાંથી 524 ગ્રાહકોએ ઓનલાઈન અથવા કેશ કાઉન્ટર મારફતે 19.41 લાખ જમા કરાવ્યા, જેથી વીજ કંપનીને સફળ વસૂલાત મળી છે.તેમ છતાં ચેતવણી આપ્યા બાદ પણ બિલ ન ભરનાર ગ્રાહકો સામે MGVCLએ કડક કાર્યવાહી હાથ ધરી છે. જેમાં 72 ગ્રાહકોના વીજ કનેક્શન કાપી નાખવામાં આવ્યા, જેમની બાકી રકમ આશરે 1.54 લાખ હતી. ઉપરાંત 25 ગ્રાહકોના વીજ મીટર પણ ઉતારી લેવામાં આવ્યા, જેમની બાકી રકમ 0.81 લાખ જેટલી હતી. MGVCL દ્વારા જણાવાયું છે કે આ વસૂલાત અભિયાન તા.31 માર્ચ સુધી ચાલુ રહેશે. બાકીદારોને તાકીદ કરવામાં આવી છે કે તેઓ વહેલી તકે બાકી બિલની ચુકવણી કરી દે, અન્યથા કડક કાર્યવાહી કરવામાં આવશે.

લાશને કોલ્ડસ્ટોરેજ માં મોકલી આપવાની તજવીજ હાથ ધરી

પાવાગઢ તળેટીમાં વડાતલાવમાંથી અજાણ્યા પુરુષનો મૃતદેહ મળી આવ્યો, પોલીસ ઘટનાસ્થળે

બનાવની જાણ થતાં ઘટનાસ્થળે લોકોના ટોળા ઉમટી પડ્યા હતા

(પ્રતિનિધિ) હાલોલ, તા.14 પાવાગઢ તળેટી ખાતે આવેલ વડતાલવમાં આજે અજાણ્યા પુરુષનો મૃતદેહ દેખાતા વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. જે વાત વાયુવેગે ફેલાતા મૃતદેહ ને જોવા સ્થાનિક લોકોના ટોળા તળાવ ખાતે એકત્રિત થયા હતા બનાવની જાણ પાવાગઢ પોલીસ ને થતા બનાવ સ્થળે દોડી આવી કાયદેસર ની કાર્યવાહી હાથધરી હતી. બનાવની પ્રાપ્ત વિગતો મુજબ આજે શનિવાર ના રોજ પંચમહાલ જિલ્લા ના યાત્રાધામ પાવાગઢ નજીક આવેલા અને પર્યટક સ્થળ ગણાતા એવા વડતાલવ ના પાણીમાં કોઈ અજાણ્યા ઈસમ નો મૃતદેહ તરતો સ્થાનિક લોકોને દેખાતા ચકચાર મચી ગઈ હતી. મૃતદેહ પાણીમાં તરતો હોવાની વાત વાયુવેગે ફેલાતા તળાવ ખાતે લોકટોળા ઉમટી પડ્યા હતા. જે પૈકી એકે પાવાગઢ પોલીસ ને જાન કરતા પોલીસ બનાવ સ્થળે દોડી આવી સ્થાનિક તરવૈયા અને હાલોલ ફાયર ટીમની મદદ થી અજાણ્યા ઈસમના મૃતદેહ બહાર કાઢતા કોઈ પુરુષ હોવાનું જાણવા માંડ્યું હતું આ ઈસમ કોણ છે ? ક્યાંથી આવ્યો છે ? કયા કારણોસર પાણીમાં ગયો હશે તેવી અટકળો સાથે તેની ઓળખ છાતી કરવાના પોલીસ દ્વારા પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે હાલ પોલીસે અકસ્માત મોત નો ગુનો નોંધી તે મૃતદેહ ને હાલોલ ની સબડીસ્ટ્રીક હોસ્પીટલ ખાતે પોસ્ટ મોટમ કરવામાં આવ્યું હતું. તળાવ માંથી મળી આવેલ અજાણ્યા ઈસમે શરીર પર કાળા કલર નું પેન્ટ અને સફેદ રંગ નું શર્ટ પહેરેલું હતું અને આશરે ૪૮ કલાક પહેલા પાણીમાં પડ્યો હોવાનું જાણવા મળી આવ્યું છે.

લીમખેડા તાલુકાના અગારા ગામે દાહોદ એલસીબી ત્રાટકી

બારીયા ફળિયામાં એક મકાનની સામેના જુના બાથરૂમમાંથી દેશી હાથ બનાવટનો કટ્ટો પકડ્યો

લીમખેડા પોલીસ સ્ટેશનમાં આરોપીને સુપરત કરી તેની વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કાર્યવાહી હાથ ધરી

(પ્રતિનિધિ) દાહોદ, તા.14 દાહોદ એલસીબી પોલીસે લીમખેડા ના અગારા ગામે બારીયા ફળિયામાં એક મકાનની સામે બનાવેલા જૂના બાથરૂમમાંથી ગેરકાયદેસર રીતે સંતાડેલ દેશી હાથ બનાવટનો કટ્ટો (અગ્નિ શસ્ત્ર) તથા એક જીવતા કાર્ટૂન્સ સાથે ઘરધણીને પકડી પાડી લીમખેડા પોલીસને સુપરત કર્યાનું સત્તાવાર રીતે જાણવા મળ્યું છે.

પ્રાપ્ત વિગત અનુસાર દાહોદ એલસીબી પોલીસ ગઈકાલે સાંજના સમયે લીમખેડા પોલીસ સ્ટેશનના હદ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન અગારા ગામે બારીયા ફળિયામાં રહેતા ૩૨ વર્ષીય મહેશભાઈ શંકરભાઈ બારીયાના કબજાના રહેણાંક મકાનની સામે બનાવેલા જૂના બાથરૂમમાં ગેરકાયદેસર રીતે દેશી હાથ બનાવટનો કટ્ટો (અગ્નિશસ્ત્ર) સંતાડીને મુકેલ હોવાની ગુપ્ત બાતમી મળી હતી. જેબાતમીને આધારે દાહોદ એલસીબી પોલીસે તાત્કાલિક બાતમી વાળી જગ્યાએ મહેશભાઈ શંકરભાઈ બારીયાના કબજા ભોગવટાવાળા રહેણાંક મકાનની સામે બનાવેલ જુના બાથરૂમ આગળ પહોંચી જઈ જુના બાથરૂમની તલાસી લઈ બાથરૂમમાંથી રૂપિયા ૨૦૦૦/-ની કિંમતનો દેશી હાથ બનાવટનો ગેરકાયદેસર કટ્ટો (અગ્નિ શત્ર) તથા રૂપિયા ૫૦/-ની કિંમતનો જીવતો કારતુસ નંગ-૧ મળી કુલ રૂપિયા ૨,૦૨૦/-ના મુદ્દામાલ સાથે ઘરધણી મહેશભાઈ શંકરભાઈ બારીયાની અટકાયત કરી લીમખેડા પોલીસ સ્ટેશનમાં તેને સુપરત કરી તેની વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા લીમખેડા પોલીસે આ સંદર્ભે આર્મ્સ એકટ કલમ ૨૫(૧-બી)(એ) મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસે પરીક્ષાર્થીઓને ખલેલ ન પહોંચે તે રીતે કામગીરી કરી

કાલોલમાં મોટા અવાજે ડીજે વગાડનાર બે ડીજે સંચાલકો સામે કાર્યવાહી કરી

(પ્રતિનિધિ) કાલોલ, તા.14 હાલમાં ધોરણ 10 અને 12 ની બોર્ડની પરીક્ષાઓ ચાલી રહી છે પરીક્ષાઓ શાંત ચિત્તે અને કોઈપણ પ્રકારની ખલેલ વગર પરીક્ષા આપી શકે તે માટે જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા મોટા અવાજે લાઉડ સ્પીકર, વાજિંત્રો જેવા સાધનો વગાડવા ઉપર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું બહાર પાડ્યું છે ત્યારે શુક્રવારના રોજ ધોરણ 12 ની ચાલુ પરીક્ષા દરમિયાન એમજીએસ હાઈસ્કુલ પાસે આઈસર નંબર G J 06 AT 7469 માં મા ખોડિયાર નામનું ડીજે સિસ્ટમ ફીટ કરી ચાલુ પરીક્ષા દરમિયાન ઊંચા અવાજે વગાડી જાહેરનામાનો ભંગ કરતા આઈસર ચાલક જીગ્નેશભાઈ જીગો લાલસિંહ પટેલ રહેવાસી પ્રતાપપુરા મહેલોલ તાલુકો ગોધરા સામે તેમજ સી બી ગર્લ્સ હાઈસ્કુલ પાસે GJ 01 AT 9582 નંબર ના આઈસર પર ડીજે ઓપરેટર જીગરકુમાર વિનોદસિંહ પરમાર રે.અભેટવા તા હાલોલ એમ બે ડીજે વાળા આઈસર ડિટેન કરી કાલોલ પોલીસે જાહેરનામા ભંગની કાર્યવાહી હાથ ધરી છે

ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી હાલોલમાં કાર્યક્રમ યોજાયો

પીએમ કિસાન ઉત્સવ દિવસ" અને કૃષિ મેળાનુ આયોજન કરાયું

(પ્રતિનિધિ) હાલોલ., તા.14 પંચમહાલ જિલ્લામાં પીએમ કિસાન સમ્માન નિધિ યોજના અંતર્ગત "પીએમ કિસાન ઉત્સવ દિવસ" અને મિલેટ ડેવલોપમેન્ટ યોજના અન્વયે તાલુકા કક્ષાના મેળાઓનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.જે અંતર્ગત ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી હાલોલ ખાતે પીએમ કિસાન ઉત્સવ અને કૃષિ મેળો યોજાયો હતો.ભારત એક કૃષિ પ્રધાન દેશ છે અને દેશના વિકાસમાં ખેડૂતોનું મહત્વનું યોગદાન રહ્યું છે. પંચમહાલ જિલ્લામાં અત્યાર સુધી ૨ લાખથી વધુ ખેડૂતો પીએમ કિસાન પોર્ટલ પર નોંધાયેલા છે, જેમને ૨૧ હપ્તા દ્વારા રૂ. ૮૧,૯૩૧.૯૨ લાખની સહાય સીધી બેંક ખાતામાં જમા કરવામાં આવી છે. આજના કાર્યક્રમમાં વડાપ્રધાન દ્વારા ૨૨માં હપ્તાની રકમ જાહેર કરવામાં આવી હતી, જેનો લાભ પંચમહાલના ૧,૯૫,૦૭૬ લાભાર્થીઓને મળશે અને કુલ રૂ. ૩,૯૬૮.૦૦ લાખની સહાય જમા થશે.વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન જિલ્લામાં વિવિધ કૃષિલક્ષી યોજનાઓ હેઠળ કરોડો રૂપિયાની સહાય ચૂકવવામાં આવી છે. જેમાં એજીઆર-૫૦ યોજના હેઠળ ૧,૩૭૧ લાભાર્થીઓને નવા ટ્રેક્ટર માટે રૂ. ૧,૩૭૧.૦૦ લાખની સહાય, મુખ્યમંત્રી પાક સંગ્રહ યોજના હેઠળ ૧૬૧ ગોડાઉનો માટે રૂ. ૧૬૧.૦૦ લાખ, અને તાર ફેન્સિંગ યોજના હેઠળ ૭૭ લાભાર્થીઓને રૂ. ૧૧૨.૦૦ લાખની સહાયનો સમાવેશ થાય છે.

ટીંબા ગામ પ્રાથમિક શાળામાં 'આનંદ મેળો યોજાયો. વિદ્યાર્થીઓ વ્યવસાયિક શિક્ષણના પાઠ ભણ્યા

કાલોલ : પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાની ટીંબા ગામ પ્રાથમિક શાળા ખાતે આજે 'બેગલેસ ડે' ની અનોખી ઉજવણી કરવામાં આવી હતી. શિક્ષણની સાથે જીવન વ્યવહારના પાઠ શીખવવાના હેતુથી શાળામાં ભવ્ય 'આનંદ મેળા' નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં બાળકોએ હોંશે-હોંશે વેપારી બનીને વ્યવસાયિક કૌશલ્યના દર્શન કરાવ્યા હતા.આ આનંદ મેળામાં બાલવાટિકા થી ધોરણ ૪ સુધીના અંદાજે 100 જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓ દ્વારા શાળાના પટાંગણમાં ખાણી-પીણીના કુલ 35 જેટલા વિવિધ સ્ટોલ ઊભા કરવામાં આવ્યા હતા. આ મેળાનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓમાં રહેલી આંતરિક શક્તિઓને ખીલવવાનો અને તેમને વ્યવસાયિક શિક્ષણ પ્રત્યે પ્રોત્સાહિત કરવાનો હતો. બમણો નફો અને પ્રત્યક્ષ અનુભવ: વિદ્યાર્થીઓએ માત્ર સ્ટોલ જ નહોતા લગાવ્યા, પરંતુ વસ્તુનું વેચાણ કરીને આર્થિક વ્યવહાર પણ શીખ્યા હતા. આશ્ચર્યજનક રીતે, મોટાભાગના વિદ્યાર્થીઓએ પોતે કરેલા ખર્ચ સામે બમણો વકરો કરી નફો મેળવ્યો હતો.

ચાંપાનેર પ્રાથમિક શાળામાં વાર્ષિક ઉત્સવની ઊજવણી કરાઈ

(પ્રતિનિધિ) પાવાગઢ, તા.14 પાવાગઢ ચાંપાનેર પ્રાથમિક શાળામાં વાર્ષિક ઉત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જેમાં અધ્યક્ષ સ્થાને મહાકાલી ટેમ્પલ ટ્રસ્ટના ટ્રસ્ટી વિનોદભાઈ વરિયા શાળાના ભૂતપૂર્વ આચાર્ય અને હાલ તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી જયદીપકુમાર ભાટિયા પાવાગઢ સરપંચ એસ.એમ.સી અધ્યક્ષ, શિક્ષણવિદ, પાવાગઢ ગ્રામ્ય વિકાસ સમિતિના સદસ્યઓ, ગ્રામજનો, વાલીગણ ઉપસ્થિત રહ્યા હતા. શાળાના બાળકો દ્વારા પોતાના કલા કૌશલ્યનું પ્રદર્શન કરતા કુલ ૧૯ કૃતિ રજૂ કરવામાં આવી હતી.

આ પ્રસંગે લોકફાળા માં બાળકોને પ્રોત્સાહન રૂપે કુલ અંદાજિત ૩૩૦૦૦ રૂપિયા નું દાન શાળાને પ્રાપ્ત થયેલ છે. શાળામાં સરસ્વતી બચત બેંક અંતર્ગત કુલ ૧,૭૫૦૦૦ જેટલી રકમ બાળકોની જમા થયેલ છે જેમાં ધોરણ ૮ ની વિદ્યાર્થીની અશ્વિનીબેન દિલીપભાઈ બારીયા એ સૌથી વધુ બચત કર્યા હતા જેથી તેમની રકમ ૩૧૦૦૦ હતી તેમના વાલી સાથે ચર્ચા બાદ સદર રૂપિયાની ફિક્સ ડિપોઝિટ ની રસીદ તેઓ ને આપવામાં આવી આમ સરસ્વતી બચત બેંક અંતર્ગત બાળકોને બચત કરવાની પ્રેરણા આપે છે.

દાહોદ જિલ્લો અકસ્માત ઝોન બન્યો

પાછલા 24 કલાકમાં બે માર્ગ અકસ્માતોમાં બેના મોત નીપજ્યાં

બીજા બનાવમાં અકસ્માત સર્જી ફરાર થયેલા રીક્ષાચાલકને ઝડપી લેવા તજવીજ હાથ ધરી

(પ્રતિનિધિ) દાહોદ., તા.14 દાહોદ જિલ્લામાં વાહનચાલકોની ગફલત અને અતિ ઝડપના કારણે અકસ્માતોની વણઝાર યથાવત છે. છેલ્લા ૨૪ કલાકમાં જુદી જુદી જગ્યાએ બનેલા બે ગંભીર અકસ્માતોમાં બે જણાના મોત નિપજ્યા હોવાનું પોલીસ સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે.

દાહોદ તાલુકાના મોટી લછેલી ગામે વાંકીયા ચોકડી પાસે રાત્રે લગભગ ૧૧:૩૦ વાગ્યે ૩૦ વર્ષીય વિપુલભાઈ વસનભાઈ પારગી પોતાની મોટરસાયકલ પૂર ઝડપે ચલાવતા ઈલેક્ટ્રિક થાંભલા સાથે અથડાતા સ્થળ પર જ મોત નિપજ્યું. પાછળ બેઠેલા સંજયભાઈને ગંભીર ઈજાઓ થતાં ૧૦૮ દ્વારા હોસ્પિટલ ખસેડાયા. કતવારા પોલીસે પંચનામું કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી વધુ કાર્યવાહી હાથ ધરી છે. બીજો અકસ્માત લીમખેડા તાલુકાના મોટી વાસવાણી ગામ પાસે વહેલી સવારે લગભગ ૩:૩૦ વાગ્યે બન્યો.

લગ્ન પ્રસંગમાંથી પરત ફરતી સીએનજી રીક્ષા અતિ ઝડપે વળાંકમાં પલટી ખાઈ ખાડામાં પડતા રિક્ષામાં બેઠેલા લક્ષ્મણભાઈ તેરસિંગભાઈ ભાભોર (૪૦)ને ગંભીર ઈજાઓ થતાં સારવાર દરમિયાન મોત થયું. અન્ય બે મુસાફરોને ઈજાઓ પહોંચી હતી. રીક્ષા ચાલક સ્થળ પરથી ફરાર થયો હતો. આ બનાવ અંગે લીમખેડા પોલીસે રીક્ષા ચાલક સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

પરપ્રાંતીય શ્રમિકની નોંધણી ન કરાવતા ફરિયાદ

ખડકી ટોલનાકા પાસે રજવાડી ચાના માલિક સામે પોલીસ કાર્યવાહી

કોઈપણ વેપારી કે મકાનમાલિકે પરપ્રાંતીય શ્રમિકો કે ભાડુઆતો રાખતી વખતે તેમની ઓળખના પુરાવા સાથે નજીકના પોલીસ સ્ટેશનમાં ફરજિયાત નોંધણી કરાવવી

(પ્રતિનિધિ) કાલોલ, તા.14 પંચમહાલ એસ.ઓ.જી. (Special Operations Group) પોલીસ દ્વારા જાહેરનામાના ભંગ બદલ ખડકી ટોલનાકા પાસે આવેલી એક ચાની દુકાનના માલિક વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. પરપ્રાંતીય શ્રમિકને કામે રાખ્યા બાદ તેની જાણ સ્થાનિક પોલીસ સ્ટેશનમાં ન કરવા બદલ આ પગલું ભરવામાં આવ્યું છે.

એસ.ઓ.જી. પોલીસનો સ્ટાફ જ્યારે વેજલપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો, ત્યારે ખડકી ટોલનાકા પાસે આવેલી 'રજવાડી ચા' નામની દુકાન પર તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન ત્યાં ગોપાલ તાવિયાડ નામનો પરપ્રાંતીય શ્રમિક કામ કરતો હોવાનું માલૂમ પડ્યું હતું. પોલીસે જ્યારે શ્રમિકની વિગતો અંગે દુકાન માલિક પ્રકાશચંદ્ર આદેન પાટીદારની પૂછપરછ કરી, ત્યારે જાણવા મળ્યું હતું કે આ શ્રમિકને કામે રાખવા અંગેની કોઈ પણ જાણકારી કે નોંધણી સ્થાનિક વેજલપુર પોલીસ સ્ટેશનમાં કરાવવામાં આવી નહોતી. જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામા મુજબ, કોઈપણ પરપ્રાંતીય વ્યક્તિને કામે રાખતા પૂર્વે તેની વિગતો પોલીસ મથકે આપવી અનિવાર્ય છે.પોલીસના જાહેરનામાનો ભંગ કરવા બદલ એસ.ઓ.જી. પોલીસે દુકાનદાર પ્રકાશચંદ્ર પાટીદાર વિરુદ્ધ વેજલપુર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ તંત્ર દ્વારા વારંવાર અપીલ કરવામાં આવે છે કે કોઈપણ વેપારી કે મકાનમાલિકે પરપ્રાંતીય શ્રમિકો કે ભાડુઆતો રાખતી વખતે તેમની ઓળખના પુરાવા સાથે નજીકના પોલીસ સ્ટેશનમાં ફરજિયાત નોંધણી કરાવવી, અન્યથા કાયદેસરની કાર્યવાહી થઈ શકે છે.

કાલોલ કૃષિ સંશોધન કેન્દ્ર ખાતે તાલુકા વહીવટી તંત્ર દ્વારા કૃષિ મેળો યોજાયો

(પ્રતિનિધિ) કાલોલ, તા.14 કાલોલ તાલુકા વહીવટી તંત્ર કાલોલ દ્વારા અને કાલોલ તાલુકા પંચાયત પ્રમુખ સવિતાબેન રાઠવા ના અધ્યક્ષતા માં પી.એમ. કિસાન ઉત્સવ દિવસ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે (વર્ચ્યુઅલ માધ્યમથી) પી.એમ. કિસાન સમ્માન નિધિ (PM-KISAN) યોજના અંતર્ગત રાજ્યના ૪૯.૫૯ લાખથી વધુ ખેડૂત કુટુંબોને રૂ ૧૦૨૮ કરોડથી વધુની ૨૨ મા હપ્તા સ્વરૂપે DBT મારફતે સહાયનું વિતરણ તથા ઈન્ટરનેશનલ યર ઓફ મિલેટ-૨૦૨૩ "મિલેટ ડેવલોપમેન્ટ યોજના" હેઠળ કૃષિ મેળો કાલોલના ડેરોલ કૃષિ સંશોધન કેન્દ્ર ખાતે યોજાયો.

દેવગઢ બારિયામાં રસ્તાના પ્રશ્ને કોંગ્રેસનો ઉગ્ર વિરોધ

બે દિવસમાં કામ શરૂ નહીં થાય તો નગરપાલિકા કચેરી તાળાબંધીની ચેતવણી

(પ્રતિનિધિ) દેવગઢબારિયા, તા.14 દેવગઢ બારિયા નગરપાલિકામાં વારંવાર પ્રજાના પ્રશ્નોને યોગ્ય પરિણામ ન મળતા શહેરમાં અસંતોષ જોવા મળી રહ્યો છે. ખાસ કરીને વોર્ડ નં. ૧માં સોનીપંચ વાડીથી જૂની રાણા શેરી સુધીનો રસ્તો નગરપાલિકા દ્વારા ખોદીને અધવચ્ચે જ છોડી દેવામાં આવતા સ્થાનિક રહેવાસીઓ લાંબા સમયથી ભારે હાલાકીનો સામનો કરી રહ્યા હતા. રહેવાસીઓ દ્વારા અનેકવાર રજૂઆતો કરવા છતાં તંત્ર તરફથી કોઈ ઠોસ પગલાં લેવામાં ન આવતા લોકોમાં નારાજગી વ્યાપી હતી. આ મામલે કોંગ્રેસ પ્રમુખ અને તેઓની ટીમ સ્થળ પર પહોંચી સ્થાનિક લોકોની સમસ્યાઓ અને વ્યથા સાંભળી હતી. ત્યારબાદ નગરપાલિકાના જવાબદાર અધિકારીઓ તેમજ પ્રમુખને સ્થળ પર બોલાવી ઉગ્ર રજૂઆત કરી હતી. કોંગ્રેસ આગેવાનો દ્વારા તંત્રને સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી હતી કે જો બે દિવસમાં રોડનું કામ શરૂ નહીં કરવામાં આવે તો નગરપાલિકા કચેરીને તાળાબંધી કરવામાં આવશે. કોંગ્રેસ પ્રમુખ અને તેમની ટીમની કડક રજૂઆત બાદ નગરપાલિકાના અધિકારીઓએ સ્થળ પર જ બે દિવસની અંદર રસ્તાનું કામ શરૂ કરવાની ખાતરી આપી હોવાનું જાણવા મળ્યું છે. આ સમગ્ર ઘટનાક્રમને પગલે સ્થાનિક રહેવાસીઓમાં રાહતની લાગણી જોવા મળી રહી છે અને હવે રસ્તાનું કામ વહેલી તકે શરૂ થાય તેવી લોકોમાં આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.